આકાશવાણી, અમદાવાદ

04-11-2026 Midday: 2.30 to 2.35 pm

WEDNESDAY Regional News

GNR CABINET MEETING

ગાંધીનગરમાં આજે સવારે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાઈ. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં રાજ્યમાં દુષ્કાળની સ્થિતિ અને તહેવારો દરમિયાન કાયદા-વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી. ઉપરાંત ચાર જિલ્લામાં પીવાના પાણી, ઘાસચારા, નવા જિલ્લામાં દુષ્કાળની સ્થિતિ પર રજૂઆતો તેમજ રાજ્ય સરકારના આગામી કાર્યક્રમ તથા નીતિગત વિષયો અંગે ચર્ચા થઈ.

GOVERNMENT HOLIDAY

આગામી દિવાળીના તહેવારો દરમિયાન નવમી નવેમ્બરના રોજ પડતર દિવસે સરકારે રજા જાહેર કરી છે. જાહેર થયેલી દિવાળીની રજાઓ દરમિયાન નવમી નવેમ્બરે પડતર દિવસ હતો. જેને કારણે આ દિવસ દરમિયાન રજા ન હતી. પરંતુ રાજ્ય સરકારના કર્મચારીઓ પરિવાર સાથે દિવાળીના તહેવાર ઉજવી શકે તે માટે સરકારે નવમી નવેમ્બરે રજા જાહેર કરીને આગામી 28 નવેમ્બરના રોજ ચોથા શનિવારની રજાના બદલે તે દિવસે સરકારી કચેરીઓને કાર્યરત રાખવાનો નિર્ણય કરાયો છે. આ રજા રાજ્ય સરકારના, પંચાયતને બોર્ડ નિગમના કર્મચારીઓ માટે જાહેર કરાઈ છે.

SRT UDHNA YATRI KENDRA

સુરતના ઉધના રેલવમથક ખાતે 15 હજાર મુસાફરોની ક્ષમતા ધરાવતું યાત્રિ સુવિધા કેન્દ્ર શરૂ કરાયું. તહેવારોમાં પ્રવાસીઓના ધસારા પહેલા ઉધના મથક પર દેશનો સૌથી મોટો આ પેસેન્જર હોલ્ડિંગ એરિયા તૈયાર કરાયો છે. આ અંગે પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકે વધુ માહિતી આપી.

BHAVNGAR JAMNAGAR DABAN HATAVO

દિવાળીના તહેવારો ટાણે શહેરીજનોને ખરીદી માટે ભીડભાડ અને ટ્રાફિકની સમસ્યા ન નડે તેમજ વાહન વ્યવહાર સરળ બની રહે તે હેતુથી ભાવનગર અને જામનગર મહાનગરપાલિકાના દબાણ હટાવ વિભાગે શહેરના મુખ્ય અને અતિ વ્યસ્ત વિસ્તારોમાં ગેરકાયદે દબાણો દૂર કરવાની ખાસ ઝુંબેશ હાથ ધરી હતી.

ભાવનગરના વ્યસ્ત એવા ગંગાજળિયા તળાવ, મુખ્ય માર્કેટ, એમ.જી. રોડ, પીરચલ્લા માર્કેટ, આંબાચોક સહિતના વિસ્તારોમાં દબાણો હટાવાયા હતાં.મનપાની ટીમે ટ્રાફિક પોલીસ અને ગંગાજળિયા પોલીસ સ્ટેશનના સ્ટાફને સાથે રાખી ગંગાજળિયા તળાવ ફરતે, એમ.જી. રોડ, પીરચલ્લા માર્કેટ સહિતના વિસ્તારોમાં સંયુક્ત ડ્રાઈવ યોજી હતી. જ્યારે જામનગરમાં પણ મહાનગર પાલિકા દ્વારા કડક કાર્યવાહી કરીને દિપક ટૉકીઝથી માંડવી ટાવર સુધી દબાણ હટાવાયા હતા. જેમાં 13 થી વધુ રેકડી, કેબિન અને બે ટ્રૅક્ટર ભરીને સામાન જપ્ત કરવામાં આવ્યો હતો. સવારથી જ 30 થી વધુ કર્મચારીઓની ટીમ દ્વારા મોટા પાયે દબાણો દૂર કરાયા હતા અને રાહદારીઓનો અને વાહનચાલકો માટેનો માર્ગ સરળ બનાવાયો હતો.

SNR KHANIJ CHORI

સુરેન્દ્રનગરમાં સરકારી જમીન પર ગેરકાયદેસર સફેદ માટીનું ખનન કરતા વાહનો જપ્ત કરાયા. અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે, ચોટીલાના નાયબ કલેક્ટર એસ. વી. કલસરિયા અને તેમની ટુકડી દ્વારા ચોટીલા પેટા વિભાગ હેઠળના મૂળી તાલુકાના ખંપાળિયા ગામના સરકારી સરવે નંબર 50 વાળી જમીનમાં દરોડા પડાયા. દરમિયાન ગેરકાયદે ખનન કરતા વાહનો સહિત કુલ 67 લાખ રૂપિયાનો માલસામાન કબજે કરાયો છે.

TP TEMPO ACCIDENT

તાપીમાં વ્યારાના કટાસવાણ ગામની સરહદમાં એક ટેમ્પો પલટી જતાં તેમાં સવાર ત્રણ શ્રમિકના મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ નિરવ કંસારા જણાવે છે, ટેમ્પોચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા આ દુર્ઘટના સર્જાઈ હતી. તેના કારણે ટેમ્પોમાં સવાર 10માંથી પાંચથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. પોલીસે આ અંગે ટેમ્પોચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી.

BTD MOCKDRILL

બોટાદમાં જિલ્લા પોલીસ દ્વારા સુપ્રસિદ્ધ સાળંગપુરધામ કષ્ટભંજન હનુમાનજી મંદિરમાં મૉકડ્રીલ યોજાઈ. નિયંત્રણ કક્ષમાં મળેલા સંદેશને તાત્કાલિક અસરથી જિલ્લા પોલીસ ટીમ અને કમાન્ડો સહિતના કર્મચારી મંદિર ખાતે પહોંચ્યો હતો. દરમિયાન મંદિર પરિસરમાં રહેલા તમામ યાત્રિકોને સલામત જગ્યાએ ખસેડાયા તેમજ સમગ્ર પરિસરને ઘેરી લેવાયું હતું. આ મૉકડ્રીલમાં બરવાળા પોલીસ, SOG, સ્થાનિક ગુનાશાખા અને બીડીડીએસ અને ડૉગ સ્ક્વૉડ, ટ્રાફિક શાખા જેવી વિવિધ પોલીસની ટુકડીઓ જોડાઈ હતી.

LOCAL FOR VOCAL GIFT COLLECTION

સરકારની ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ દ્વારા દિવાળી માટે વિશેષ ગિફ્ટિંગ કલેક્શન "HAMPERS OF LIGHT & LIVELIHOOD" રજૂ કરવામાં આવ્યું છે. આપણી માટીની સુવાસ અને કલાત્મક કારીગરીને પ્રોત્સાહન આપતા આ હેમ્પર્સ અમદાવાદ,જૂનાગઢ, કચ્છ, ભાવનગર, આણંદ, ગીર સોમનાથ, જામનગર, સુરત, વલસાડ, પાટણ અને બનાસકાંઠાના મહિલા સખી મંડળો અને સ્વસહાય જૂથોના કૌશલ્યને ઉજાગર કરે છે.

'વોકલ ફોર લોકલ' અને 'આત્મનિર્ભર ભારત'ના આલ્વાનને સાકાર કરવાના ઉદ્દેશ્યથી શરૂ થયેલા આ પ્રકલ્પને વર્ષ 2025માં બહોળો પ્રતિસાદ સાંપડ્યો હતો. સ્વસહાય જૂથોના બહેનોએ તૈયાર કરેલા આ હેમ્પર્સના વેચાણ થકી અંદાજિત 1 કરોડ રૂપિયાથી વધુની આવક પ્રાપ્ત થઈ હતી. ગયા વર્ષની સફળતાને ધ્યાનમાં રાખીને આ વર્ષે કુલ 32 જેટલા સ્વસહાય જૂથો દ્વારા નવીનતાસભર ગિફ્ટ હેમ્પર્સ તૈયાર કરવામાં આવ્યા છે. આ વર્ષે પણ ગત વર્ષની સરખામણીમાં બહેનોને વધુ આર્થિક ઉપાર્જન થાય તેવી આશા રાખવામાં આવી રહી છે.